# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/ક્વા-૦૧/૨૦૨૦-૨૧/૭૫ તા.૦૯/૧૦/૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૫/ક્વા-૦૧/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ગોરધન જમનાદાસ વાછાણી ગામ – કેશોદ

સબડીવીઝન: કેશોદ શહેર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી કેશોદ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જુનાગઢ

તારીખ: શનિવાર (૧૯.૦૯.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૯.૦૯.૨૦ (શનિવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ પીજીવીસીએલ ના પક્ષકાર હાજર રહેલ હતા અને અરજદારશ્રી ના મેઈલ ને કોવિડ-૧૯ ને નજર સમક્ષ રાખી અને તેઓ ની લેખિત દલીલ ને રૂબરૂ હાજર ગણવાની વિનતિ ને ગ્રાહ્ય રાખવામાં આવે છે.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ દ્વારા સમ્રાટ શોપિંગ સેન્ટરમાં આવેલા વીજ જોડાણોનો ખુલ્લા સાંધામાં સ્પાર્કિંગ થઈ હાઈ- લો વોલ્ટેજ પાવર સપ્લાય થતો હોય જેથી કીંમતી ઉપકરણો બળી જવા તથા માનવ સર્જિત મોટો અકસ્માત સર્જાય તે પહેલા દરેક વિજજોડાણ ના ખુલા સાંધાનું ટેપિંગ કરી કાયમી નિરાકરણ કરવા તેમજ  મોડું થયેલા દિવસો માટે નિયમ મુજબની પેનલ્ટી કરી અને વળતર આપવા માટે-અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રી ની રજૂઆત મુજબ કેશોદ વિભાગીય કચેરી હેઠળની કેશોદ (શહેર) પેટા વિભાગીય કચેરીને ઉપરોક્ત અરજદારશ્રી ની ફરિયાદના અનુસંધાને પત્ર નં.કે.એસ.ડી./ટેક/ફોરમ/૧૪૨૫ તા.૧૩/૦૭/૨૦ થી કાર્યવાહી કરેલી છે.

3.૧ જે મુજબ તેમના તાબાના કેશોદ ખાતે આવેલ સમ્રાટ શોપિંગ સેન્ટર- આંબાવાડી ના વાણીજય હેતુના વિજ જોડાણ ના ખુલ્લા જંકશન બોક્સ માં સ્પાર્કીંગ થવા બાબતે શ્રી ગોરધનભાઈ જમનાદાસ વાછાણી દ્વારા દર્શાવેલ લેખિત ફરિયાદ અરજી તા.૨૧.૦૫.૨૦૨૦ ના રોજ મળતા સ્થાનિક કચેરી દ્વારા લાઈનસ્ટાફ ને સદર કામગીરી ના સમારકામ માટે મોકલીને ઉપરોક્ત કામગીરી માટે પુરતા પ્રયત્ન હાથ ધરેલ છે.

3.૨ આ સમયે જંકશન બોક્સ લગાડવાની જગ્યા બાબતે સ્થળ પર અરજદાર અને અન્ય આસામીઓ દ્વારા વાદ-વિવાદ ઉપસ્થિત કરાયેલ આમ છતાં તેનું સુખદ નિરાકરણ લાવી સમજાવટથી સ્થાનિક કચેરી દ્વારા અકસ્માત ન થાય તે હેતુસર તે તમામ ને સાથે રાખી જંકશન બોક્સની જગ્યા ફેરવી અરજદાર અને અન્ય આસામીઓ ની માંગણી મુજબ અકસ્માત ન થાય તે રીતે કંપનીના નિયમોને નજરમાં રાખી યોગ્ય જગ્યા પર કુલ ૩ જંકશન બોક્સ લગાવી સળંગ સર્વિસ વાયર નાખી તા.૧૧.૦૭.૨૦૨૦ ના રોજ કામગીરી પુર્ણ કરી આપાયેલ છે.

3.3 આમ આ ફરિયાદનું સુખદ નિરાકરણ લાવી અરજદારને સ્થાનિક કચેરી દ્વારા પત્ર નં.કે.એસ.ડી./ટેક/ફોરમ/૧૪૨૪, તા.૧૩.૦૭.૨૦૨૦ થી પ્રત્યુતર પાઠવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી દ્વારા સદર કેશ બાબતે જે પીજીવીસીએલ ફોરમ જુનાગઢ ને મેઈલ દ્વારા જે જણાવવામાં આવેલ છે તે મુજબ તેમની લેખિત દલીલ (કોવિડ-૧૯ ને ધ્યાને લઈ તેમની લેખિત દલીલ ગ્રાહ્ય રાખવામા આવે છે.) ને રૂબરૂ રજૂઆત ગણી ને અત્રે ફોરમ દ્વારા નિર્ણય લેવામાં આવે છે.

૪.૨ અરજદારશ્રી ની રજૂઆત પ્રમાણે ઉપરોકત મુદ્દા નં.૩.૨ મુજબ અરજદારશ્રી ની કામગીરી સંતોષ કારક પુર્ણ થઈ ગયેલ છે.જેથી અરજદારશ્રી ને કોઈ ફરિયાદ રહેતી નથી.

૪.3 અત્રે ના ફોરમ તરફ થી પીજીવીસીએલ કંપની ના સક્ષમ અધિકારીશ્રી ને પાવર સપ્લાય માટે તાકીદ કરવામાં આવે છે. જેથી કોઈ પણ ગ્રાહક ને ફરિયાદ ઉપસ્થિત ન થાય તેવી નોંધ લેશો.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯